Sandesh (Suppl.: Citylife)

EDII

September 7, 2024
Pg. 6

# જે દેશમાં વધુ આંત્રપ્રિન્યોર હશે તે દેશ વધુ વિકસિત હશેઃ સવજીભાઈ

## EDIIમાં ડૉ. વી.જી. પટેલ મેમોરિયલ લેક્ચર હેઠળ ડાયમંડ કિંગ સવજીભાઈ ધોળકિયાની ટૉક યોજાઈ



સિટી લાઈફ । આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા(EDII) ખાતે ડૉ. વી.જી. પટેલ મેમોરિયલ લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશ-વિદેશમાં જાણીતા ઉદ્યોગસાહસિક અને શ્રી હરિ કૃષ્ણ એક્સપોર્ટ્સ લિમિટેડના સ્થાપક તથા અધ્યક્ષ સવજીભાઈ ધોળકીયાએ વિદ્યાર્થીઓ સાથે પોતાની ઉદ્યોગસાહસિકતાની જર્ની અને બિઝનેસ માટેની સક્સેસ ટિપ્સ શેર કરી હતી. સવજીભાઈ ધોળકીયાએ વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું 'ડૉ. વી.જી. પટેલ એક સાચા અર્થમાં સ્વપ્નદ્રષ્ટાહતા. તેઓએ ઉદ્યોગસાહસિકતા પાઠ શીખવ્યા હતાં. આંત્રપ્રિન્યોરશિપ વિશે વાત કરું તો કોઈ આંત્રપ્રિન્યોર ઉદ્યોગ સ્થાપીને આત્મનિર્ભર બનવાની સાથે અન્ય હજારો લોકોને રોજગારીની તકો પૂરી પાડે છે. આંત્રપ્રિન્યોર પોતાના દમ અને આત્મવિશ્વાસથી કોઈ પણ આર્થિક સંકટનો સામનો કરી શકે છે. જે દેશમાં વધુ આંત્રપ્રિન્યોર હશે તે દેશ વિશ્વકક્ષાએ વધુ વિકસીત હશે.'